આરોપી ૧૨થી ૧૫ ટકા લેખે વ્યાજ વસૂલતો હતો

સુરતમાં વ્યાજખોરે ૨ લાખનું ૬.૮૩ લાખ વ્યાજ વસૂલતાં ફરિયાદ થઈ

● સુરત,તા.૧૭

ગુજરાતમાં પોલીસ દ્વારા વ્યાજખોરો સામે લાલ આંખ કરી કડક કાર્યવાહી કરવાની સાથે તાલુકા મથકે સેમિનાર યોજવામાં આવી રહ્યાં છે. ત્યારે સુરતમાં વ્યાજખોર ધર્મેન્દ્ર ઉર્ફે લાલીને ઉધના પોલીસે ઝડપ્યો હતો. તેનો તેના વિસ્તારમાં જ વરઘોડો કાઢીને તેની ઓફિસમાં તપાસ હાથ ધરી હતી.પોલીસે તેની ઓફિસનું તાળું તોડીને એન્ટ્રી લીધી હતી તેમજ તેની સંપત્તિ અંગે એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટરને પણ જાણ કરાશે. લાલીએ અલથાણના જમીન-દલાલને વ્યાજે આપેલા ૨ લાખની સામે ૬.૮૩ લાખ પડાવી લીધા બાદ વધુ ત્રણ લાખની માગણી કરી હતી. ૧૫ લાખની રકમનો ચેક લખાવી કોર્ટમાં ખોટા કેસ કરવાની તેમજ રૂપિયા નહીં આપે તો જીવતો નહીં રહેવા દેવાની ધમકી આપી હતી.ઉધના પોલીસે લાલી જે ઓફિસમાં બેસીને વ્યાજખોરીનો ધંધો કરતો હતો એ ઓફિસનાં તાળાંની ચાવી ન મળતાં ઓફિસના શટરનું તાળું હથોડા વડે તોડીને પ્રવેશ કર્યો હતો. ઓફિસની અંદર દસ્તાવેજ અને કાગળો લઈ તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસને જાણકારી મળી છે કે વ્યાજખોરી કરીને આરોપી લાલીએ કરોડો રૂપિયાની સંપત્તિ પણ બનાવી લીધી છે.

આ સંપત્તિની તપાસ ટૂંક સમયમાં ઈડ્ડને સોંપવામાં આવશે. આ મામલે ડીસીપી ભગીરથ ગઢવીએ જણાવ્યું હતું કે ધર્મેન્દ્ર પાસે લાઈસન્સ છે જેનો દુરુપયોગ કરીને તે વ્યાજે રૂપિયા ફેરવતો હતો. નિયમ પ્રમાણે દોઢ ટકા જ વ્યાજ વસૂલી શકાય છે. પરંતુ આરોપી ૧૨થી ૧૫ ટકા લેખે વ્યાજ વસૂલતો હતો.

લાલીએ જમીન-દલાલ આશિષ મુખીજા પાસેથી ૧૨ ટકા વ્યાજ સાથે નાણાં વસૂલી ઉપરથી ૧૫ લાખના ચેક લખાવી ધમકી આપી હતી. લાલી પર ભૂતકાળમાં અનેક ગુના નોંધાઈ ચૂક્યા છે. આગામી દિવસોમાં વધુ ફરિયાદો દાખલ થાય એવી શક્યતા છે. આ સિવાય પોલીસ લાલી અને તેના પરિવારના નામે જેટલી મિલકતો છે એની વિગતો મેળવીને ઈન્કમટેક્સ અને ઈડીને રિપોર્ટ કરશે. વ્યાજખોર ધર્મેન્દ્ર ઉર્ફે લાલીની હાઈટેક ઓફિસમાં કોઈ પ્રવેશ કરી શકે એમ નહોતું, કારણ કે તેની ઓફિસ માત્ર તેના ચહેરાથી જ ખૂલી શકે છે. લાલીએ પોતાની ઓફિસમાં ફેસલોક રાખ્યું છે. પોલીસને લાલીની ઓફિસમાંથી અનેક ફાઈલો પણ મળી આવી છે, જેની તપાસ હવે ટૂંક સમયમાં ઉધના પોલીસ દ્વારા કરવામાં આવશે.

જખોના દરિયાકિનારેથી ડ્રગ્સના ૧૦ પેકેટ જપ્ત

નેવીએ ફરી એકવાર નાકામ કર્યું નશાખોરોનું ષડયંત્ર

● કચ્છ, તા.૧૭

વિદેશી તાકતોથી દેશને કાયમ ખતરો રહ્યો છે.પડોશી દેશ યુદ્ધમાં ભારતને હરાવી શકતા નથી તેથી ભારતને બરબાદ કરવા માટે થોડા થોડા દિવસો બાદ અવનવી યુક્તિ અજમાવી દેશની શાંતિ ભંગ કરવાની કોશિશ કરી રહયા છે. જેમાં આતંકવાદી પ્રવૃતિઓ, સેનાના જવાનો પર હુમલો હોય કે બીજી અન્ય કોઈ ઘટનાથી દેશની શાંતિ જોખમમાં મૂકવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

તાજેતરમાં આ વિદેશી તાકતો એ દેશમાં નશાખોરીના પદાર્થો મોકલીને દેશના યુવાધનને ખરાબ કરવાની નાકામ કોશિશ કરી રહયા છે, આ નવી મોડસ ઓપરેન્ડી મારફતે હજી સુધી દેશની સમુદ્ર સીમાથી ગેરકાયદેસર ડ્રગ્સના પકેટ મોકલવામાં આવી રહ્યા છે.

આમ હવે દેશની સમુદ્ર સીમા પર જોખમમાં વધારો થઈ રહ્યો છે, જેને પરિણામે દરિયાઈ સીમા પર પણ સતર્કતા વધારી દેવામાં આવી છે.

એવામાં દેશની પશ્ચિમી સમુદ્ર સીમા પરથી મોટા સમાચાર સામે આવ્યા છે. કચ્છના દરિયા કાંઠેથી ફરી એકવાર બિનવારસી ડ્રગ્સના પેકેટ મળવાનો સિલસિલો યથાવત બન્યો હોય તેવું જણાઈ રહ્યું છે. જેમાં હાલમાં જ BSFના જવાનને ફરી એકવાર અગાઉની જેમ બિનવારસી ડ્રગ્સના પેકેટ મળી આવતા તપાસનો દોર વધારી દેવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ કચ્છના જખૌ નજીકના નિર્જન ટાપુ પરથી મ્જીઃના જવાનને બિનવારસી ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો છે. જેમાં ૧૦ પેકેટ ડ્રગ્સ મળી આવતા દરિયાઈ સેના અલર્ટ થઈ ગઈ હતી. અત્યાર સુધીમાં સેનાને પેટ્રોલિંગથી ૧૯૨ બિનવારસી ડ્રગ્સના પકેટ મળી આવ્યા છે. તેથી સેના આ અંગે હવે વધુ સતર્કતા રાખવામાં આવી રહી છે.

ભચાઉ હત્યાના પ્રયાસ કેસમાં ફરાર લેડી કોન્સ્ટેબલ નીતા ચૌધરી બુટલેગરની સાસરીમાંથી પકડાઈ

● ભુજ,તા.૧૭

કચ્છમાં ભચાઉ ભચાઉ ચકચારી હત્યાના પ્રયાસ કેસમાં ફરાર સસ્પેન્ડેડ લેડી કોન્સ્ટેબલ નીતા ચૌધરીની પોલીસે ધરપકડ કરી છે. ગુજરાત છ્જીની ટીમે નીતા ચૌધરીની લીમડીના એક ગામમાંથી ઝડપી પાડી છે. આ કેસમાં સેશન્સ કોર્ટે જામીન રદ કર્યા બાદ લેડી કોન્સ્ટેબલ ફરાર થઈ જતા પોલીસ દોડતી થઈ હતી.

સેશન્સ કોર્ટના હુકમ બાદ કચ્છ પોલીસની ટીમ નીતા ચૌધરીની અટકાયત કરવા તેના ઘર પર પહોંચી હતી. પરંતુ, ઘર પર તાળું જોઈ પોલીસને ખાલી હાથે પરત ફરી હતી. ત્યાર બાદથી પોલીસ સસ્પેન્ડેડ લેડી કોન્સ્ટેબલનું લોકેશન મેળવવા દોડધામ કરી હતી.

જો કે, પોલીસ ધરપકડ કરે તે પહેલાં જ નીતા ચૌધરીએ ગુજરાત હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. આ મામલે હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી ઉપર સુનાવણી થવાની બાકી છે. જોકે, જામીન અરજી પર સુનાવણી થયા તે પહેલાં જ ગુજરાત છ્જીની ટીમે નીતા ચૌધરીની સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી તાલુકાના એક ગામમાંથી ઝડપી પાડી તેની ધરપકડ કરી છે. અત્યાર સુધી લેડી કોન્સ્ટેબલ બુટલેગરની સાસરીમાં છૂપાઈ હતી.જો કે, ઉલ્લેખનીય છે કે, બુટલેગર સાથે મળીને પોલીસ કર્મચારીઓ ઉપર ગાડી ચડાવી હતી. તેમજ ગાડીમાંથી દારૂ પણ મળી આવ્યો હતો, જેને લઈને લેડી કોન્સ્ટેબલ નીતા ચૌધરી સામે કચ્છના ભચાઉ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.એટીએસના ડીઆઈજી સુનિલ જોષીએ જણાવ્યું હતું કે, જામીન રિજેક્ટ થવાની જાણ હોવાથી નીતા ચૌધરી તેની સાથે પકડાયેલા બુટલેગરની સાસરી લીમડીમાં છુપાઈ ગઈ હતી. ગુજરાત એટીએસને આ અંગેની બાતમી મળતા એટીએસની ટીમે લીમડી ખાતેથી આરોપી નીતા ચૌધરીની ધરપકડ કરી છે. નીતા ચૌધરીની કસ્ટડી કચ્છ પોલીસને સોંપવામાં આવશે.કચ્છના ભચાઉમાં પોલીસ પર કાર ચડાવી દેવાના પ્રયાસમાં નોંધાયેલા હત્યાના પ્રયાસ કેસમાં નીતા ચૌધરીને નીચલી કોર્ટમાંથી જામીન મળી ગયા હતા. પરંતુ, નીચલી કોર્ટના આદેશ સામે ભચાઉ પોલીસ સેશન્સ કોર્ટમાં જતા સેશન્સ કોર્ટે મંગળવારે જામીન રદ કરતા પોલીસે નીતા ચૌધરીની અટકાયત કરવા કાર્યવાહી હાથ ધરી હતી.

ટામેટા-બટાટા, લીંબુ સહિતનામાં ૬૦ થી ૭૦ વધ્યા

વરસાદના કારણે શાકભાજીના ભાવમાં ભડકો જોવા મળ્યો

● સુરત, તા.૧૭

ગુજરાતમાં છેલ્લા બે-ત્રણ દિવસથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે, રાજ્યમાં સતત પડી રહેલા વરસાદથી ખેડૂતોની શાકભાજીની આવક ઘટી છે અને છૂટક માર્કેટમાં માંગ વધી છે. અત્યારે સુરત શાકભાજી માર્કેટમાં દરેક શાકભાજીના ભાવમાં ૬૦ થી ૭૦ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. અચાનક ભાવમાં ભડકો થતાં ગૃહિણીઓનું બજેટ પણ ખોરવાઈ ગયુ છે.

ગુજરાતમાં પડી રહેલા વરસાદથી શાકભાજી પકવતા ખેડૂતો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. હાલમાં સુરતમાં શાકભાજીના ભાવમાં ભડકો જોવા મળ્યો છે. વરસાદના કારણે શાકભાજીની આવક ઘટતા શાકભાજીના ભાવમાં ધરખમ ૬૦થી ૭૦ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. અત્યારે ટામેટા, બટાટાથી લઈને લીંબુ સહિતના શાકભાજીના ભાવમાં વધારો આવ્યો છે. કહેવાઈ રહ્યુ છે કે, નવા પાકનો ઉતાર થયા બાદ ભાવમાં ઘટાડો થવાની શક્યતા છે. અચાનક શાકભાજીના ભાવ વધતા ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયુ છે.

સુરત શાકભાજી માર્કેટમાં અત્યારે ટામેટાં અને લીંબુના પ્રતિકીલોના ભાવ ૧૦૦ રૂપિયા નોંધાયો છે, તુવેર ૧૫૦ રૂપિયા, પાપડીના ભાવ ૧૮૦ રૂપિયા સુધી પ્રતિકીલોએ પહોંચ્યો છે. જ્યારે સુકુ લસણ પ્રતિકીલો ૨૪૦ રૂપિયાએ વેચાઈ રહ્યું છે. સુરત છૅસ્ઝમાં નાસિક અને બેંગ્લોરથી પણ શાકભાજીની આવક આવી રહી છે. જોકે, હવે નવા પાકનો ઉતાર થયા બાદ ભાવમાં ઘટાડો થવાની શકયતા છે.

રાજકોટ અગ્નિકાંડ મામલે કોંગ્રેસના ગંભીર આરોપ

SIT મુખ્ય આરોપીને બચાવી રહી છે : ઈન્દ્રનીલ રાજયગુરૂ

● રાજકોટ, તા.૧૭

ગુજરાતનો સૌથી મોટા લોકમેળાને લઈને તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. લોકો પણ આ લોકમેળામાં આવવા આતુર છે. આ લોકમેળામાં આ વખતે ટીઆરપી અગ્નિકાંડમાં સરકારની રહેલી ખામીઓ દર્શાવતો સ્ટોલ જોવા મળે તો નવાઈ નહીં. કોંગ્રેસ દ્વારા સરકારની ખામીઓને ઉજાગર કરતો સ્ટોલ નાખવાની તૈયારીઓ દર્શાવી છે. આ અંગે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર પાસે મંજૂરી પણ માગવામાં આવશે.જો જિલ્લા વહીવટી તંત્ર કોંગ્રેસને મંજૂરી આપશે તો કોંગ્રેસ સરકારની ખામીઓ ઉજાગર કરતો સ્ટોલ લોક મેળામાં નાખશે.

રાજકોટમાં આજે કોંગ્રેસ દ્વારા પત્રકાર પરિષદ યોજાઈ હતી. જેમાં કોંગ્રેસી નેતા ઈન્દ્રનીલ રાજયગુરૂએ કહ્યું હતું કે''લોક મેળામાં TRP ગેમ ઝોન અગ્નિકાંડ અંગે લોકોની જાગૃતતા માટે સ્ટોલની માંગ કરીશું. જો સરકાર લોકમેળામાં પોતાની વાહવાહીના સ્ટોલ મુકતા હોય છે તો અમારો પણ TRP ગેમ ઝોનના પિડીતોના ન્યાય માટેની માંગ કરતો સ્ટોલ મૂકવો અમારો હક છે.× પરંતુ સૌથી મોટો સવાલ એ છે કે શું જિલ્લા વહીવટી તંત્ર આવી કોઈ મંજૂરી આપશે? કોંગ્રેસ દ્વારા આગામી દિવસોમાં યોજાનારા કાર્યક્રમ અંગે પણ કહ્યું હતું કે તેઓ આગામી સમયમાં પણ વિરોધ કરશે.

TRP ગેમ ઝોનની લઈને ઈન્દ્રનીલ રાજયગુરૂનું મોટું નિવેદન આપ્યું હતું. તેઓએ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ પર આક્ષેપ કરતા કહ્યું હતું કે, એમ ડી સાગઠિયાની ધરપકડ કરીને SIT મુખ્ય આરોપીને બચાવી રહી છે. સાગઠિયા પકડાયો છે પરંતુ મુખ્ય આરોપી હજુ બહાર છે. લાંચ લેનાર અંદર છે,લાંચ આપનાર હજુ બહાર છે. સાગઠિયાએ પદાધિકારીઓના નામ આપ્યા છે. રૂપાપરાનું નામ આપ્યું છે પરંતુ સરકાર કોઈ એક્શન લેતી નથી.

સરકાર આ કાંડમાં અનેક લોકોને છાવરી રહી છે. કોંગ્રેસના નેતાઓએ ટીઆરપી અગ્નિકાંડ મુદ્દે સરકાર પર પણ આક્ષેપો કર્યા હતા. જ્યારથી રાજકોટમાં અગ્નિકાંડની ઘટના બની છે ત્યારથી રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ સામે પણ અનેક સવાલો ઉઠી રહ્યા છે રાજકોટના પૂર્વ ધારાસભ્યનું નામ પણ અગાઉ ચર્ચામાં આવી ચૂક્યું છે.

શાળા સંચાલકોની બેદરકારીના કારણે વિદ્યાર્થીનીઓ બેભાન બની હોવાનો વાલીઓનો આક્ષેપ

ભાવનગરની સરદાર પટેલ સ્કૂલમાં પાવર કટ થતાં, બફારાંથી વિદ્યાર્થીનીઓ બેભાન

● ભાવનગર, તા.૧૭

ભાવનગરની સરદાર પટેલ એજ્યુકેશન ઈન્સ્ટિટ્યુટ સંચાલિત લાખાણી વિદ્યા સંકુલમાં વીજપ્રવાહ બંધ થઈ જતા વિદ્યાર્થિનીઓ બેભાન થઈ ગઈ. ભારે ઉકળાટ અને ગરમી વચ્ચે વિદ્યાર્થિનીઓની તબિયત લથડી હતી. જેથી સંચાલકોએ વિદ્યાર્થિનીઓના વાલીઓને બોલાવ્યા હતા. જે બાદ વાલીઓ વિદ્યાર્થિનીઓને હૉસ્પિટલ લઈ ગયા હતા. એટલું જ નહીં વિદ્યાર્થિનીના વાલીનો આક્ષેપ છે કે, મસમોટી ફી લેતી શાળાઓ વિદ્યાર્થીઓને પાયાની સુવિધા નથી આપી રહી. અને વિદ્યાર્થિનીઓની તબિયત લથડી છતાં તેમની હૉસ્પિટલ તાત્કાલિક ન લઈ ગયા. જ્યારે ઈન્સ્ટિટ્યુટના મેનેજમેન્ટે બચાવ કર્યો કે, તેમણે વિદ્યાર્થિનીઓની પ્રાથમિક તપાસ કરાવી હતી. આ મામલે શિક્ષણાધિકારીએ કહ્યું કે, તેમની ટીમ તપાસ કરી રહી છે. જો કોઈનો વાંક જણાશે તો કાર્યવાહી કરવામાં આવશે.

ભાવનગર શહેરના કાળીયાબીડ વિસ્તારમાં આવેલી ખાનગી સરદાર પટેલ એજ્યુકેશન ઈન્સ્ટિટ્યુટ સંચાલિત લાખાણી વિદ્યા સંકુલમાં આજે કોઈ કારણોસર વીજપ્રવાહ બંધ થઈ ગયો હતો, ચોમાસુ ચાલતું હોય ભારે ઉકળાટ અને ગરમી સહન નહિ કરી શકતા અનેક વિદ્યાર્થીનીઓ બેભાન બની ઢળી પડી હતી. જેથી સંચાલકો દ્વારા વિધાર્થીના વાલીઓ ને ફોન કરી બોલાવવામાં આવ્યા હતા, જેથી વાલીઓ તાત્કાલિક હોસ્પિટલ પહોંચતાં બેભાન બનેલી વિદ્યાર્થીનીઓ ને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જેમાં એક વિદ્યાર્થિનીને ખાનગી હોસ્પિટલ અને ને વિદ્યાર્થીનીઓ ને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. વિદ્યાર્થિનીના વાલી દીપક પરમારે જણાવ્યું હતુંકે, લાખો રૂપિયાની ફી વસૂલતી શાળાઓ દ્વારા વીજપ્રવાહ બંધ થતાં જનરેટર ની કોઈ વ્યવસ્થા કરવામાં આવી ના હોય અસહ્ય બફારો સહન નહિ કરી શકવાના કારણે વિદ્યાર્થીનીઓ બેભાન બની ગઈ હતી. પરંતુ બેભાન થયેલી વિદ્યાર્થિનીઓને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવાના બદલે શાળા સંચાલકો દ્વારા તેઓના વાલીઓ ને બોલાવી વિદ્યાર્થીનીઓ ને તેમના હવાલે કરી હતી. વાલીઓ દ્વારા શાળા સંચાલકો દ્વારા બેદરકારી આચરવામાં આવી હોવાનો આક્ષેપ કર્યો હતો.ભાવનગર જિલ્લાના ડી.ઈ.ઓ. હિતેન્દ્રસિંહ પઢેરિયાએ જણાવ્યું હતુંકે, સવારથી આખા વિસ્તારમાં લાઈટ ના હોવાના કારણે બે વિદ્યાર્થીનીઓ ને મૂંઝવણ થઈ હોવાનું સામે આવ્યું છે.

અંબાણી પરિવારની નાની વહુની જામનગરમાં એન્ટ્રી

અનંત અને રાધિકા અંબાણી લગ્ન બાદ જામનગર પહોંચ્યા

● જામનગર , તા.૧૭

અંબાણી પરિવારના નાના દિકરા અનંત અંબાણીના લગ્નનો કાર્યક્રમ પૂર્ણ થઈ ચૂક્યો છે. અનંત અને રાધિકા લગ્નના બંધનમાં બંધાય ચૂક્યા છે. બંન્નેના લગ્ન ખુબ જ શાહી સ્ટાઈલથી કરવામાં આવ્યા હતા. જેમાં બોલિવુડથી લઈ હોલિવુડ સહિત અનેક દિગ્ગજ હસ્તીઓ હાજર રહી હતી.

જામનગર મુંબઈમાં જાજરમાન લગ્ન સમારોહ બાદ અંબાણી દંપતિની જામનગરમાં એન્ટ્રી થઈ છે.જામનગર એરપોર્ટ પર અનંત અંબાણી અને રાધિકા અંબાણીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ.

કપલ મુંબઈ થી જામનગર રાત્રે પહોંચ્યું હતુ. રાધિકા અને અનંત જામનગર પહોંચતા જ આરતી ઉતારી સ્વાગત કરવામાં આવ્યું હતુ. બંન્ને ખુલ્લી જીપમાં જોવા મળ્યા હતા. આ બંન્નેને જોવા માટે હજારોની સંખ્યામાં ચાહકો જોવા મળ્યા હતા.

તમને જણાવી દઈએ કે, જામનગરમાં અનંત અંબાણીએ વનતારા શરુ કર્યું છે. આ શાનદાર સ્થળ પર અનંત અને રાધિકાનું પહેલી પ્રી વેડિંગ ફંકશન પણ રાખવામાં આવ્યું હતુ. જેમાં અનેક સ્ટાર જોવા મળ્યા હતા આ સાથે સ્પોર્ટસ જગતની હસ્તીઓ, બિઝનેસ મેન, તેમજ વિદેશી નેતાઓ પણ જોવા મળ્યા હતા. આ આયોજન પહેલા અનંતે જામનગરને પોતાના સાથે જોડાયેલું કનેકશન પણ કહ્યું છે. તેમણે કહ્યું હતુ કે, જામનગર તેની દાદીનું ઘર છે એટલે કે, બાળપણમાં અનંત અંબાણી જામનગર રહેતો હતો. આટલા માટે તેને જામનગર સાથે ખુબ પ્રેમ છે. તમને જણાવી દઈએ કે, અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન ૧૨ જુલાઈના રોજ કરવામાં આવ્યા હતા. તેના એક દિવસ બાદ શુભ આશીર્વાદ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ રિસેપ્શનની પાર્ટી રાખવામાં આવી હતી. રાધિકા અને અનંતના લગ્ન મુંબઈના જિયો વર્લ્ડ કન્વેશન સેન્ટરમાં રાખવામાં આવ્યા હતા.

ત્રણ ગોડાઉનમાંથી ૬૦૦ બોરી અનાજનો જથ્થો મળ્યો

કડીમાં GIDC માંથી શંકાસ્પદ અનાજનો જથ્થો મળી આવ્યો

● મહેસાણા, તા.૧૭

મહેસાણા જિલ્લામાંથી શંકાસ્દ અનાજનો જથ્થો ઝડપાયો છે. પોલીસ દ્વારા બાતમી આધારે દરોડો પાડવામાં આવ્યો હતો અને તેને જપ્ત કરવામાં આવ્યો છે. કડી જીઆઈડીસીમાં શંકાસ્પદ અનાજનો જથ્થો ગોડાઉનમાં ભરવામાં આવેલો હોવાને લઈ સ્થાનિક પોલીસના અધિકારીઓ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો.મોટા પ્રમાણમાં ઘઉં અને ચોખાનો જથ્થો હોવાનું સામે આવ્યું છે. આ જથ્થાને મિક્સ કરીને અલગ પેકિંગ તૈયાર કરવામાં આવતા હોવાની આશંકા ને લઈ તપાસ શરુ કરવામાં આવી છે.

મંજૂરી વગર માટી કાઢતા ખાણખનીજ વિભાગનો સન પેટ્રોકેમિકલ્સને છ કરોડનો દંડ

● આણંદ,તા.૧૭

ગુજરાતના ખાણખનીજ વિભાગે આણંદની સન પેટ્રોકેમિકલ્સને છ કરોડનો દંડ ફટકાર્યો છે. કંપની છેલ્લા દસ મહિનાથી મંજૂરી વગર વડગામના દરિયાઈ અખાતમાંથી માટી કાઢતી હતી. આના લીધે તે સવાલ ઉદભવે છે કે કંપની દસ મહિના સુધી આ રીતે માટી કાઢતી રહી તો ખાણ અને ખનીજ વિભાગ શું કરતો હતો. આટલા સમય પછી કેમ કાર્યવાહી કરવામાં આવી. આટલા સમય સુધી કેમ કોઈ પગલાં ન લેવાયા તેવા અનેક સવાલ ઉદભવે છે.દિલીપ સંઘવીની કંપનીને દંડ કરવામાં આવ્યો તેની સાથે તે સવાલ પણ ઉદભવ્યો છે કે જિલ્લા વહીવટીતંત્રએ દસ મહિના સુધી કેમ આ બાબતની કોઈ સુધ લીધી નહીં. રાજ્યના પર્યાવરણ વિભાગ અને ખાણખનીજ વિભાગની મંજૂરી વગર કોઈપણ કંપની ગમે ત્યારે તેની મરજી મુજબ આ રીતે માટી કેવી રીતે કાઢી શકે તે સવાલ પણ ઊભો થાય છે.

૫૦થી વધુ મેડિકલ સ્ટોરના લાયસન્સ અંતે રદ કરાયા

● રાજકોટ, તા.૧૭

રાજકોટમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રિસ્ક્રિપ્શન વિના દવા વેચનાર મેડિકલ સ્ટોર સંચાલકો પર તવાઈ બોલાવવામાં આવી છે. રાજકોટ શહેર, જિલ્લામાં ૫૪ મેડિકલ સ્ટોરના લાયસન્સ રદ કરી દેવામાં આવ્યા છે.

રાજકોટ શહેર, જિલ્લામાં ગેરરીતિ આચરનાર સંચાલકો સામે તંત્રએ મોટી કાર્યવાહી હાથ ધરી છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે મળેલી બાતમીના આધારે અનેક મેડિકલ સ્ટોર પર તપાસ શરુ કરી હતી. જે પછી ગોંડલના હરસિધ્ધિ ફાર્મા, ક્રિષ્ના સર્જીટેક, લેજોરા ફોર્મ્યુલેશનના લાયસન્સ રદ કર્યા છે. તો નેપ્ચ્યુન ફાર્મા, સુરભી મેડિકલ સ્ટોર, પ્રગતિ મેડિકલ સ્ટોર સામે પણ તવાઈ હાથ ધરી છે.

આ સિવાય નશીલી સીરપ વેચનાર ૨ મેડિકલ સ્ટોર સંચાલકો સામે પણ કડક પગલાં લેવામાં આવ્યા છે. આ તમામ મેડિકલ સ્ટોર સંચાલકો કોઈપણ પ્રિસ્ક્રિપ્શન વગર દવા વેચતા હોવાનું સામે આવ્યુ છે.

Looking for an Office Assistant

- Languages...compulsory Hindi English and Gujarati
- Additional language will be beneficial
- MBA or MCom..Min age 30, having 5-6 years experience
- Good communication skills, with hands on Computer
- Salary 25k, depending on experience.

Milestone Finance Consultancy Mob :9904601444
1103 K10 Grand, Behind Atlantis Alkapuri Road, Near Genda Circle, Vadodara

NIKKA "We Byte Challenges, Bit By Bit"

Nikka Incorporated is Baroda based company since year 2000. Nikka is a sole distributor of ABB Field Instrumentation product portfolio. We are looking for young professionals for following positions.

Sales Engineer (Field Instrumentation)
Candidate should be graduate with 1 to 5 years of experience in selling of products like Pressure, Level, Flow and Temperature transmitters. He should be ready to travel across Vadodara and Bharuch districts.

Service Engineer (Field Instrumentation)
Candidate should be graduate with 1 to 3 years of experience in after sales support of products like Pressure, Level, Flow and Temperature transmitters. He should be ready to travel across Gujarat state.

Candidate must possess B.E/Diploma degree in Instrumentation & Control / Electronics / Electrical.
Email resume to milind.shah@nikkainc.com

NOTICE

NOTICE is hereby given that the EXTRAORDINARY GENERAL MEETING of the Members of AJWA FUN WORLD AND RESORT LIMITED will be held on Friday, 09th Day of August, 2024 AT 04.00 P.M. (IST) through Video Conferencing ("VC") / Other Audio Visual Means ("OAVM"), to transact the following business:

SPECIAL BUSINESS

1. Approval for Sale/Disposal of land of the Company pursuant to the provisions of Section 180(1)(a) of the Companies Act, 2013 and Regulation 37A(1) of the Securities and Exchange Board of India (Listing Obligations And Disclosure Requirements) Regulations, 2015:

To consider and if thought fit, to pass the following Resolution as a Special Resolution:

"RESOLVED THAT pursuant to the provisions of Section 180(1)(a) and other applicable provisions, if any, of the Companies Act, 2013 ("Act") read with Rules made thereunder (including any statutory modification or re-enactment thereof, for the time being in force), the enabling provisions of the Memorandum and Articles of Association of the Company and Regulation 37A(1) and other applicable provisions of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 and subject to such other approvals, consents and permissions obtained/to be obtained from the appropriate third parties including concerned statutory authorities and subject to such terms and conditions as may be imposed by them, and which may be agreed to by the Board of Directors of the Company, approval of the Members of the Company be and is hereby accorded to the Board of Directors of the Company (hereinafter referred as the "Board" which term shall be deemed to include any Committee which the Board may have constituted or hereinafter constitute from time to time to exercise its powers including the power conferred by this resolution), for effecting the sale, bifurcation, assignment, transfer and conveyance of the Property comprising of land owned by the company admeasuring 25,279 Sq Mtrsbearing CTS number NA 62 and land admeasuring 69,973 Sq Mtrs bearing CTS number NA 63 (P) situated at Village Rayantalawadi, Taluka Waghodia, District Baroda, India to G P Development Limited (hereinafter referred as the "Buyer") in one or more tranches/phases and either as a whole or in part for per square meter rate Rs. 5,968.37 and subject to such terms and conditions as mutually agreed upon by the Company with the Buyer.

RESOLVED FURTHER THAT the Board be and is hereby authorized to do such further acts, deeds and things as may be necessary including modifying, finalizing the terms and conditions and executing all such agreements, undertakings, contracts, deeds and other documents on behalf of the Company, file applications and make representation in respect thereof and seek approval from statutory / administrative authorities, financial institutions / banks etc., in this regard as may be applicable and deal with any matters, take necessary steps in this matter as the Board may in its absolute discretion deem necessary, desirable and expedient to give effect to this resolution and to settle any question / difficulty that may arise in this regard and incidental thereto, without being required to seek any further consent or approval of the Members or otherwise to the end and intent that the Members shall be deemed to have given their approval thereto expressly by the authority of this resolution.

RESOLVED FURTHER THAT the Board be and is hereby authorised to delegate all or any of the powers herein conferred, to any Committee of Directors or Director(s) / Manager / Chief Financial Officer & Chief Risk Officer / Company Secretary and/or any of the officers / authorised representatives of the Company, with authorities as required, affixing the Common Seal of the Company on agreement/documents, arranging delivery and execution of Contract, deeds, agreements and instruments."

BY ORDER OF BOARD OF DIRECTORS
For, **AJWA FUNWORLD AND RESORTS LTD**
SD/-
RAJESHKUMAR CHUNILAL JAIN
Managing Director
(DIN : 00285542)

Date: 16-07-2024
Place : Vadodara

INTEGRA ENGINEERING

INTEGRA ENGINEERING INDIA LIMITED
CIN : L29199GJ1981PLC028741
Regd. Office : Chandrapura Village, Tal. Halol-389 350, Dist. Panchmahals, Gujarat.
Tel. No. : +91 90999 18471.
Email ID : info@integraengineering.in **Website :** www.integraengineering.in

Statement of Unaudited Standalone Financial Results for the Quarter ended 30th June, 2024

(₹ in Lacs)

Sr. No.	Particulars	Quarter ended 30.06.2024	Quarter ended 30.06.2023
1	Total income from operations	3,556.86	3,843.34
2	Net Profit / (Loss) for the period before Tax	422.14	597.22
3	Net Profit / (Loss) for the period after Tax	293.63	417.64
4	Total Comprehensive Income for the period	295.02	417.33
5	Equity Share Capital	343.65	343.65
6	Other Equity	--	--
7	Earnings per share of ₹ 1/- each		
	(1) Basic	0.85	1.21
	(2) Diluted	0.85	1.21

Notes : 1. The above is an extract of the detailed format of Quarterly / Year ended Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly / Year ended Financial Results are available on the Company's website (www.integraengineering.in) and on Stock Exchange website (www.bseindia.com).

For INTEGRA Engineering India Limited
Shalin Sunandan Divatia
Independent Director

Place : Mumbai
Date : 17.07.2024

INTEGRA ENGINEERING

INTEGRA ENGINEERING INDIA LIMITED
CIN : L29199GJ1981PLC028741
Regd. Office : Chandrapura Village, Tal. Halol-389 350, Dist. Panchmahals, Gujarat.
Tel. No. : +91 90999 18471.
Email ID : info@integraengineering.in **Website :** www.integraengineering.in

Statement of Unaudited Consolidated Financial Results for the Quarter ended 30th June, 2024

(₹ in Lacs)

Sr. No.	Particulars	Quarter ended 30.06.2024	Quarter ended 30.06.2023
1	Total income from operations	3,556.86	3,843.34
2	Net Profit / (Loss) for the period before Tax	422.14	597.22
3	Net Profit / (Loss) for the period after Tax	293.63	417.64
4	Total Comprehensive Income for the period	295.02	417.33
5	Equity Share Capital	343.65	343.65
6	Other Equity	--	--
7	Earnings per share of ₹ 1/- each		
	(1) Basic	0.85	1.21
	(2) Diluted	0.85	1.21

Notes : 1. The above is an extract of the detailed format of Quarterly / Year ended Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly / Year ended Financial Results are available on the Company's website (www.integraengineering.in) and on Stock Exchange website (www.bseindia.com).

For INTEGRA Engineering India Limited
Shalin Sunandan Divatia
Independent Director

Place : Mumbai
Date : 17.07.2024

પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન
ઓપન ઈ-ટેન્ડર નોટિસ

ટેન્ડર નં. EL/TRD/Tender/24-25/09, ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ ટીઆરડી), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -